Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# 'કુબ્જા' :નૂતન અર્થઘટન

## ડો. પંકજ. આર. પટેલ

આસી.પ્રોફેસર,ગુજરાતી, આર્ટ્સકોલેજ, ભીલડી.

'કુબ્જા' તેના વિષયવસ્તુ, નિરૂપણરીતિ, પાત્રવિધાન, નાટયક્ષમતા અને નૂતન અર્થબોધની દ્રષ્ટિએ 'પ્રાચીના'ની ઉત્તર પદ્યરૂપક કૃતિ છે. કાલિદાસ અને શેક્સપિયર જેવા અનેક સર્જકોએ પ્રાચીન-લોકખ્યાત વિષયવસ્તુનો વિનિયોગ કરીને ઉત્તમ રચનાઓ વિશ્વસાહિત્યને ભેટ ધરી છે, પણ કહેવું જોઇએ કે કોઇ સાહિત્યકૃતિ માત્ર ને માત્ર ઉત્તમ વિષયવસ્તુ પસંદગીથી જ ઉત્તમ નથી બની જતી, પરંતુ તેમાં સર્જકનો દ્રષ્ટિકોણ કળામય રૂપે આવિષ્કૃત થયો હોય ત્યારે જ ભાવકપ્રિય બની રહે છે. આમ, સાહિત્યકૃતિમાં નિરૂપ્ય વિષય કરતાં અભિવ્યક્તિનું મૂલ્ય સવિશેષ છે. પ્રાચીન કૃતિઓ સમયે સમયે સર્જકોને ઉત્ખનન કરવા પ્રેરે છે અને સર્જકના નૂતન દ્રષ્ટિકોણને લીધે ઉત્તમ સાહિત્યકૃતિ સાંપડતી હોય છે.

ઉમાશંકર જોશી કૃત 'પ્રાચના'નાં પદ્યરૂપકો પણ મહાભારત, જાતકકથા અને ભાગવતના વિષયવસ્તુ આધારે રચાયાં છે. આ પદ્યરૂપકો પૈકી મેં 'કુબ્જા'ને કેન્દ્રમાં રાખી તેનાં વિષયવસ્તુ, પાત્રવિધાન, નાટયક્ષમતા અને નૂતન અર્થબોધની દ્રષ્ટિએ ચર્ચવાનો ઉપક્રમ સેવ્યો છે.

'કુબ્જા'નું વિષયવસ્તુ ભાગવતની કુબ્જાની કૃષ્ણપ્રીતિ પર આધારિત છે, પરંતુ કવિની મૌલિક પાત્રયોજના અને આકર્ષક વસ્તુવિધાનને લીધે નૂતન અર્થબોધની રચના બની રહે છે.

ભાગવતની કથા મુજબ ગોકુળથી મથુરા જતાં કૃષ્ણ અને બલરામ અનેક પરાક્રમો કરે છે અને રસ્તામાં કંસની દાસી કુબ્જા ભેટી જતાં તે સેવાભાવે તેમને ચંદનનો લેપ કરી આપે છે. તેના બદલામાં કૃષ્ણ કુબ્જાનું કુબ્જાપણું દૂર કરે છે. પરંતુ કૃષ્ણ સ્પર્શે પ્રમદોત્તમા બની ઊઠેલી કુબ્જા કૃષ્ણને પોતાના ઘરે નિમંત્રે છે. કૃષ્ણ પોતાનું કામ સિદ્ધ થયે તેના ઘરે મળવાનું વરદાન આપી વિદાય લે છે. આમ, મૂળ કથાનકમાં કલ્પનાએ કેવું પરિમાણ નિપજાવ્યું છે તે જોઇએ.

તે આત્મનિર્ભત્સના અનુભવતાં કહે છેઃ

ડંખે સૌંદર્ય અંગોનું, ડંખતી નહોતી વક્રતા,
વક્ર અંગે મોકળા સૌ મથુરામાર્ગ તો હતા.
હવે રૂપથી લાદેલી લજ્જાઉ પુરમાર્ગમાં,
નષ્ટપ્રણયિની મ્હોં યે બતાવું શું સમાજમાં ?

આમ, અશ્રદ્ધા અનુભવતી કુબ્જાની દશા કરુણ છે. સરલા કુબ્જાને તે તરલાની જેમ અશ્રદ્ધા ક્યાંથી શીખી ? એમ કહી ટોકે છે. તો કુબ્જાને તો વારે વારે પેલું કુબ્જાપણું ચાલ્યું ગયું તેની ગાથા જ સાંભળવી ગમે છે. તરલા-સરલા તેના સીધાં થઇ ગયેલાં ગાત્રોની વાત કરતાં –

આંખો મસળીને જોવા લાગ્યા ગોવાળ સહુ અહા !

તેના રૂપલક્ષ્મીપણાને વ્યક્તિ કરે છે. કુબ્જાને તો કૃષ્ણનું નામ આવે તેથી કૃષ્ણની નિંદા ય ગમે છે. કંસ અને ચાણૂર માર્યાનું જણાવતી તરલા 'હજી કેટલાના ભાગ્યમાં એવું મોત લખાયું હશે ?' એવી આશંકા જતાવે છે. કુબ્જાને મન કૃષ્ણનું નામનું રટણ તેના જીવનનો આધાર છે તે ન મળે તોય કૃષ્ણનો પરાક્રમકાળે વાંકો વાળ ન થાય એમ ઇચ્છે છે.

સરલા, આશિષ સિવાય એને કશું બચાવવા ન હતું એમ કહે છે ત્યારે વળી કૃષ્ણનાં પરાક્રમ ગાવા બેસે છે. તરલા મજાકમાં ખોટું બોલતાં કહે છે કે કુબ્જાનો પ્રિય કૃષ્ણ આખી રાત નગરમાં વરણાગિયો થઇને ફરે છે. જો કુબ્જા તેને જુએ તો વિરહમાં હિજરાવાનું જ ભૂલી જાય ! એટલે તો કુબ્જાને વાંસળીના અનાહત સૂર સંભળાય છે અને મૂર્છામાં સરી જાય છે ત્યારે સરલા તરલાને ઠપકો આપતાં કહે છેઃ

કૃષ્ણ છે અહીં, છે એને સમાચાર જ એ ઘણા
નકામી તરલા તું યે જગવે સૌ વિટંબણા

'તરલા તો કૈંક વાત તો કરવી' એમ કહે છે. એટલામાં જ જાગી ઊઠેલી કુબ્જા યમુનાતીરની લીલાની સ્વપ્નસૃષ્ટિ જુએ છે. વાંસળીના સૂર, જમનાતટની લીલાનું

વર્ણન કરી રાધા અને ગોપીઓને યાદ કરે છે. તરલા કટાક્ષ કરતાં કહે છે કે, બધી ગોપીઓને કૃષ્ણ આશ્વાસન મોકલે છે પણ કુબ્જાનું હૈયું તો તેને વિના મૂલે મળ્યું છે, છતાં તેની કૃષ્ણને કંઇ કિંમત જ નથી. તરલાને મન રાધા જ કુબ્જાને બાધારૂપ છે પણ કુબ્જાને રાધા પ્રત્યે તલભારે ઇર્ષ્યા નથી, બલ્કે તે તો રાધા થવા આતુર છે, પણ રાધા થવાતું નથી ! પોતે રાધા થઇ જાય તો વિરહનો ત્રાસ જ ના વેઠવો પડે. તે કૃષ્ણને પોતાના પદ્યરૂપકની શરૂઆત જ કુબ્જાની વિરહવ્યાકુળ દશા નાટ.ક્ષમ રૂપે મૂર્ત થઇ છે. કુબ્જાને અતૂટ શ્રદ્ધા છે કે આજે તો તેના પ્રિયતમ કૃષ્ણ અચૂક આવશે અને ક્ષણેક્ષણ કૃષ્ણપ્રતીક્ષામાં જ જાય છે. અહીં સર્જકે મૂળ બાગવતમાં નથી એવા સરલા અને તરલા જેવાં દાસીપાત્રોની મૌલિક પાત્રયોજના કરી છે. એમના સંવાદો જાણે કુબ્જાની મનોવ્યથાને વ્યક્ત કરી વસ્તુનિર્વહણમાં ઉપકાર બની રહે છે. કૃષ્ણાવિરહી કુબ્જાનું વર્ણન તરલા કરે છે –

વિરહે વિરહાલાપે વીતી અર્ધવિભાવરી

છતાં કુબ્જાને તો ‘આજ તો એ આવશે જ’ એવી શ્રદ્ધા છે. પવનને લીધે બારણું ખખડે તોય તેના કાન ઉત્સુક થઇ ઊઠે છે. ચંદ્રશાળા પર પણ કૃષ્ણ આવે તે જોવા માટે અન્ય દાસીઓને રાખી છે. સરલા અને તરલા કુબ્જાની પ્રિયદાસીઓ છે. તેઓની ચર્ચામાં કૃષ્ણ જ હોય છે. તેથી અતિપ્રિય લાગતી બંને માટે કુબ્જા કહે છેઃ

આથી તો બે ય છો મારી કોડિલી કીકીઓ સમાં

પરંતુ આ બંને દાસીઓનો સ્વભાવ પરસ્પર વિરોધી છે. સરલા કહ્યાગરી છે તો તરલા થોડી અવળચંડી, તરળ ને ચંચળ છે.

વારંવાર બારણે ધસતી કુબ્જાની ઉત્કટ અનુરાગ અને વિરહવ્યાકુળ મનોદશાને પામી ગયેલી સરલા કહે છેઃ

જોયું ને ? કોઇ ન્હોતું ત્યાં, તોય દ્વારે ગઇ ધસી
જરીક ખખડાટે, શો માર્ગ સૂનો રહ્યો હસી !
આજ છે ચડી એ ધૂને ! રિબાતી સ્નેહવ્યાકુલા
ચઢે અગાશીએ દોડ દ્વારે વિરહવિહ્વલા.

જ્યારે તરલા તો કુબ્જાના ઉત્કટ પ્રેમની ટીકા કરતાં કહે છેઃ

કરીએ, કરવી પ્રીતિ તો, પ્હેલેથી જ ઓળખી.

કૃષ્ણને અનુરાગિણી સરલાને તરલાની કૃષ્ણટીકા ગમતી નથી ત્યારે તરલા કહે છેઃ

જેટલા આવે ગોવાળો સીમસીમના
તે બધાની પૂંઠે ઘેલા થવાતું યે કદી હશે ?

સરલા કૃષ્ણનાં વખાણ કરતાં કૃષ્ણે કુબ્જાનું કુબ્જાપણું મટાડયાનું કહે છે ત્યારે તે પ્રસંગેની ઝાંખી થઇ ઊઠતાં અતિવ્યાકુળ બની ગયેલી કુબ્જાને પોતાનું સૌંદર્ય ડંખે અણુએ અણુમાં વ્યાપેલો અનુભવે છે. કુબ્જા દાણલીલાની વાત કરે છે ત્યારે સરલા અને તરલા તેને સંતોષ આપવા માટે રાધા-કૃષ્ણનો વેશ લઇ ઉઠાડવા જાય ત્યાં જ કૃષ્ણનુંય આગમન થાય છે. કુબ્જાની આકાંક્ષા ફળે છે, પરંતુ ભોગ ભોગવવાનો સંપૂર્ણ સંતોષ થતો નથી. કૃષ્ણ માગવાનું કહે છે ત્યારે પોતાના સ્થૂળ વિલાસને માટે કૃષ્ણને થોડો સમય પોતાને ત્યાં રહેવાની ક્ષુદ્ર વસ્તુ માગે છે.

પ્રેમસિંધુ, દિનો કૈંક વસો આ પલ્વલે સ્થિર

કૃષ્ણ તો કુબ્જાની આવી કૃપણ માગણી પણ સંતોષી ‘તથાસ્તુ’ કહી ચાલ્યા જાય છે. તરલા તો તેથી કહે પણ છે –

સખી, તું અંતે રહી કુબ્જા જ ! ભીતર
હૈયાની, પ્રિય ના વાંછયો, માંગ્યો તે ભૂંડી ! ઉપર.

આમ, કુબ્જાને રાધા થતાં ના આવડયું તેની તરલા દ્વારા ટીકા છતાં કુબ્જા જાણે છે કે તેનાથી રાધા થઇ શકાય તેમ નથી. તે રાધા થવા ઇચ્છતી હતી પરંતુ તેણે અનુભવ્યું છે કે પ્રકૃતિથી વિરુદ્ધ વર્તવામાં બંને વસ્તુનો આનંદ ગુમાવી બેસવો પડે. તે કહે છે તેમ –

વક્ર આ હૃદયે મૂર્તિ ત્રિભંગ પ્રિયની ય તે
રહેશે સમાઇ સુખથી !

તેથી કુબ્જા તરીકે જ ટકી રહેવામાં આપવડાઇ માને છે. આમ, ભાગવતનું કથાવસ્તુ અહીં નવા જ અર્થબોધને પ્રગટ કરે છે. અર્વાચીન પરિભાષામાં કુબ્જા એ જેનો વિકાસ રૂંધાયો છે તેવો કુંઠિત જીવ છે. શૃંખલિત આત્મા છે, જેને પ્રેમનો અનુભવ થતાં જ તેનું સ્વત્વ ખીલવા માંડે છે. અહીં કવિએ કૃષ્ણસ્પર્શે કુબ્જાનું પરિવર્તન નિરૂપી એક બાજુ રાધાવૃત્તિ તો બીજી તરફ તેની કુબ્જાવૃત્તિ દર્શાવી છે.

સરલા અને તરલા એ કુંઠિત જીવની વૃત્તિઓ છે. જે પરસ્પર વિરોધી વર્તન કરતાં અંતે કૃષ્ણમયી જ બની રહે છે. કુબ્જા રાધા નથી થઇ શકતી તે તેની કરુણતા છે. રાધા પ્રિયતમને સમસ્ત વિશ્વમાં વ્યાપેલો જુએ છે, તો

કુબ્જા તેને બંધનમાં રાખવા ઇચ્છે છે. આમ, પરમાત્મા પ્રત્યેની બે જાતની રીતિઓ અહીં રૂપકાત્મક રીતે નિરૂપાઇને આધ્યાત્મિકતાના નૂતન અર્થબોધને તાગે છે. કુબ્જાનો પાત્રવિકાસ જીવંત રીતે થયો છે તો તરલા અને સરલા જેવાં મૌલિક પાત્રોનું ઉમેરણ પણ રૂપકાત્મક તો છે જ. જોકે તેમના સંવાદો કુબ્જાના આલંબન માટે ઉદ્દીપન બને છે. તેથી જ તો કૃતિનું વિષયવસ્તુ ઉદ્દઘાટિત થતું અને વેગ ધારણ કરતું અનુભવાય છે. ઉપરાંત પ્રવેશ, નિષ્ક્રમ, વેશબદલો, કૃષ્ણાગમન, કુબ્જાની દોડાદોડી – તાલાવેલી, મૂર્છા જેવી ક્રિયાક્ષમ સ્થિતિઓને લીધે આ પદ્યરૂપક નાટયક્ષમ બન્યું છે. આમ, 'કુબ્જા' નૂતન અર્થબોધને પ્રગટ કરતી ઉત્તમ રચના છે.

**<u>સંદર્ભસૂચિ:-</u>**


- 'પ્રાચીના'-ઉમાશંકરજોશી
- 'કુબ્જા'-સુનિલઅંજારીયા
- 'સમજની સવાર'-હિરલપુરોહિત
- 'આધુનિક ગુજરાતી સાહિત્ય'-સુમનશાહ
- 'કાકડો'-ભરતભાઇ સોલંકી